જન્મદિને વધામણી

અનંતભાઈ પટેલ

નરેશભાઈ એમ ઠક્કર
આમંત્રિત કારોબારી સભ્ય
શ્રી જલારામ સેવા સમાજ

મીત સોની

નિકુંજ વસાણી

જ્વલન જોશી

ગજાનન સેવા સમિતિ દ્વારા 'ગરીબોને હૂંફ'નું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાની ૫૩ છાપરા તથા વાંદયોલ નવાદરાના તમામ વિદ્યાર્થીઓને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે લાલપુરમાં નાસ્તાનું વિતરણ થયું હતું. કુલ ૧૬૦ બાળકોને રાધે તરફથી નાસ્તો કરાવવામાં આવ્યો હતો. અશોક રીંદાણી, પંજવાણીજી સાથે સવારે છાત્રેશ્વરીમાં ૩૦ જેટલાં નિરાધાર વૃધ્ધોને ૮ ખાદ્ય પદાર્થની કીટ અને વાંટડામાં ૪૦ વૃધ્ધોને ૧૧ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રત્યેકને તુલસીના છોડ પણ ભેટમાં અપાયા હતા. કમલેશ રાવળ અને મિલિન્દ ગુપ્તે તથા સમિતિના સ્ટાફ મિત્રો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૪
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઈન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

સ્ક્રીન-૫
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૨

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળા માં તા. ૧૨ ડિસેમ્બરના રોજ વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી. આ રમતોત્સવના મુખ્ય મહેમાન આર. બી. બ્રહ્મભટ્ટ, ઈન્સપેક્ટર જનરલ ઓફ પોલિસ ગાંધીનગર ઉપસ્થિત રહ્યાં હતા.રમતોત્સવની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ધોરણ-૧૦ ના પ્રેમ,નિર્મલ, શાંતિ અને સત્ય સ્કોડના વિદ્યાથીઓએ માર્ચ પાસ્ટ કરી.રમત ગમત મંત્રીએ વિદ્યાર્થીઓને રમતોત્સવની ગરિમા જાળવવા પ્રતિજ્ઞા લેવડાવી. ત્યારબાદ રમતોત્સવની શરૂઆત થઈ. વિવિધ ડ્રીલ પણ રજૂ કરવામાં આવી . દત્તક લીધેલ સેકટર-૨૦ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પણ ડંબેલ્સના વિવિધ દાવ રજૂ કર્યા.

મુખ્ય મહેમાન આર. બી. બ્રહ્મભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું કે , માઉન્ટ કાર્મેલ સ્કૂલનું શિક્ષણ તથા શિસ્ત વખાણવા લાયક છે તેમજ વિદ્યાર્થીઓને શિસ્ત જાળવવાથી દરેક ક્ષેત્રમાં આપ ઉત્તરોત્તર પ્રગતિ સાધી શકો છો. વાલીઓ અને શિક્ષકો માટે ભાર મૂકીને કહ્યું કે આજના યુવાધનને સાચુ માર્ગદર્શન આપે તેમજ મિલિટરી, નેવી વગેરે માં જોડાઈને રાષ્ટ્રની સેવા બજાવવા માટે પ્રોત્સાહિત કરે. તેમણે સ્કૂલ બેન્ડને પણ ખૂબ સરાહ્યું. સાથે સાથે આચાર્યા સિસ્ટર રેણૂકાને દત્તક સ્કૂલ લેવા બદલ અભિનંદન આપ્યા.રમતોત્સવમાં ૫૦ મીટર,૧૦૦ મીટર,૨૦૦ મીટર દોડ નાના ભૂલકાઓ માટે દોરડા કૂદ, બેલેન્સ બોલ જેવી રમતો રાખવામાં આવી હતી. રમતોત્સવ અંતર્ગત માર્ચપાસ્ટ ટ્રોફી વિજેતા ગર્લ્સ શાંતિ સ્કોડની અને માર્ચપાસ્ટ ટ્રોફી વિજેતા બોયઝ સત્ય સ્કોડના હતા. સમગ્ર વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સ્કોડ શાંતિને પણ ટ્રોફી આપવામાં આવી હતી. શાળાનાં પી.ટી. શિક્ષકોની અથાગ મહેનત, આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શાળાના તમામ શિક્ષકોની મહેનતથી શાળાનો વાર્ષિક રમતોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો.

પદ્મા રાજ્યકલા પ્રદર્શન માટે કલાકૃતિઓ ૧લીથી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૧૨

શાળામાં અભ્યાસ કરતાં બાળકો તથા વિવિધ કલાસંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં લલીત કલામાં પ્રોત્સાહન મળે તે આશયથી ગુજરાત રાજ્ય લલીત કલા અકાદમી દ્વારા પદ્મમાં રાજ્ય કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં પેઈન્ટીંગ, શિલ્પકલા, ગ્રાફીક કલા, વ્યવહારીક કલા, છબીકલા તથા બાળક્ષેત્રના કલાકારો પાસેથી કલાકૃતિઓ મંગાવવામાં આવી છે. આ કલાકૃતિઓ આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૬થી ૫મી જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન નિયત અરજીપત્રકો સાથે સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકાકા ભવન સામે લો ગાર્ડન અમદાવાદ ખાતે બપોરના ૧૨.૦૦ થી ૫.૦૦ દરમિયાન (રવિવાર સહિત) સ્વીકારવામાં આવશે. ત્યારબાદ મળેલ કલાકૃતિઓ સ્વીકારાશે નહી.

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે ૪૬મા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરાયું

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, ત. ૧૨

સેક્ટર-૮ ખાતે સ્થિત સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે ૪૬મા વાર્ષિક રમતોત્સવનું આજે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઍર કમાન્ડર જે વી પૉલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ફાધર હૅક્ટર અને મુખ્ય મહેમાન દ્વારા પ્રથમ પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, શાળાના કૅપ્ટન યશ પટેલના નેતૃત્વ હેઠળ આ પરેડ રજૂ થઈ હતી. ત્યારબાદ શાળાના રમતવીરોએ મશાલ લઈને દોડ લગાવી હતી. મુખ્ય મહેમાન દ્વારા શાળા ધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો હતો. શાળાની વિદ્યાર્થીની બ્રિવા દ્વારા સ્પર્ધકોને મેદાનમાં પ્રામાણિકતા દાખવવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન દ્વારા રમતોત્સવને ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. આ રમતોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓની સૂઝબૂઝ ખીલે તેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતો ચાલુ હતી તે દરમ્યાન જોશ અને જુસ્સાનું વાતાવરણ સ્કૂલ પરિસરમાં સર્જાયું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ સેક્ટર-૮ની સરકારી શાળાના વિદ્યાર્થીઓ હતા. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ દ્વારા દત્તક લેવામાં આવેલી આ શાળાના પચાસ વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેમની સાથે આચાર્ય રમીલાબેન મકવાણા અને મદદનીશ શિક્ષક શારદાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

આમંત્રિત વિદ્યાર્થીઓ માટે ૧૦૦ મીટરની દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝેવિયર્સ પરિવારના વિદ્યાર્થીઓ પોતાનું દાયિત્વ દાખવ્યું હતું અને તેઓ સરકારી શાળાના વિદ્યાર્થીઓ સાથે હળીમળી ગયા હતા.

સ્પર્ધામાં વિજેતા નીવડેલા વિદ્યાર્થીઓને ચંદ્રકો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, આમંત્રિત વિદ્યાર્થીઓએ અલ્પાહારની મોજ માણી હતી.

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉદ્યોગ અને ખાણની ટીમ સામે નાણાં વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૧૨

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે નાણાં વિભાગ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ વચ્ચે મેચ યોજી હતી, જેના અંતે નાણાં વિભાગની ટીમનો વિજય થયો હતો.

નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું છે કે ઉદ્યોગ-ખાણ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી હતી અને ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૯૩ રન કર્યા હતા,જેમાં મહેન્દ્ર ચાવડાના ૨૧, મહેન્દ્રસિંહ ચાવડાના ૧૫, પરિમલ દામાણીના ૧૪ અને નિલેશ મેવાડાના ૯ રન મુખ્ય હતા. નાણાં વિભાગ તરફથી શૈલેષ પ્રજાપતિએ ૪, સંદિપસિંહ ચાવડાએ બે અને ભરત ઠાકરે ૧ તથા ધર્મિત જાનીએ પણ ૧ વિકેટ પ્રાપ્ત કરી હતી. નાણાં વિભાગની ટીમે ૧૫.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૯૪ રન કર્યા હતા, જેમાં દિલીપસિંહ રાજપૂતના ૪૮, શૈલેષ પ્રજાપતિના ૨૯, સંદિપસિંહ ચાવડાના ૮ અને વૈભવ મોડના પાંચ રન મુખ્ય હતા. ઉદ્યોગ અને ખાણ વિભાગ તરફથી મહેન્દ્ર ચાવડાએ બે વિકેટ મેળવી હતી. ઓલરાઉન્ડ દેખાવ બદલ શૈલેષ પ્રજાપતિને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

અમદાવાદમાં ૧થી૧૩ જાન્યુઆરી દરમ્યાન સપ્તક સંગીત સમારોહ

અમદાવાદ, તા. ૧૨

અમદાવાદનો પ્રતિષ્ઠિત એવો સપ્તક સંગીત સમારોહ૧થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાશે. છેલ્લા કેટલાક વર્ષોથી આ સમારોહને એક ખાસ થીમ આપવામાં આવે છે. તેના ભાગરૂપે આ વખતનો સપ્તક ફેસ્ટિવલ જાણીતા ખયાલ ગાયિકા પદ્મવિભૂષણ ડૉ. ગંગુબાઈ હંગલને સમર્પિત કરવામાં આવશે. ગંગુબાઈ હંગલ વિશિષ્ટ ગાયનશૈલી માટે જાણીતા અને ૮૦ વર્ષની ઉંમર સુધી ગાતા રહેલા ગાયિકા હતાં. તેઓ ઘણી વખત સપ્તક માટે પણ આવી ચુક્યા છે. રોજ શરૂઆતની ૮-૧૦ મિનિટ તેમના ઓડિયો રેકોર્ડિંગ પ્લે કરવામાં આવશે. તે ઉપરાંત દર વખતની જેમ તેમના પર બંને તરફ ફોટો ગેલેરી પણ બનાવવામાં આવશે.

આ વર્ષે પંડિત જસરાજ, પંડિત અજય ચક્રવર્તી, શુભા મુદગલ, બેગમ પરવીન સુલતાના, પંડિત શીવકુમાર શર્મા, પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, ઉસ્તાદ અમદ અલી ખાન જેવા દિગ્ગજો સહિત અનુશ્કા શંકર અને રાહુલ શર્મા સહિત પંડિત દીપક મહારાજ જેવા નવી પેઢીના કલાકારો પણ આવશે.

આ સમારોહના સૌ પ્રથમ વર્ષના સપ્તકમાં પંડિત રવિશંકર આવ્યા ત્યારે તેઓ અમદાવાદ માટે કહેતાં કે, અમદાવાદ માટે સંગીત એટલે 'રૂપિયે કી ઝનકાર'. પરંતુ હવે સ્થિતિ એ છે કે ૧૩ દિવસ સુધી અહીં આવતા કલાકારોના સાજિંદાઓમાંથી ૪૦ ટકા અમદાવાદના જ હોય છે. અને કુલ કલાકારોમાંથી ૪૫ ટકા જેટલા અમદાવાદના જ કલાકારો હશે.

રાજકોટમાં બે દિવસ દરમ્યાન ગાંધીનગરનાં ત્રણ નાટકો

સોમવાર-મંગળવાર દરમ્યાન ચિત્રલેખના નાટ્ય સ્પર્ધાના બીજા પ્રારંભિક તબક્કામાં અખ્તર સૈયદ, કુંતલ નિમાવત અને પાલા ગઢવીનાં નાટકો ભજવાશે

ગુજરાતી નાટકો માટે પ્રતિષ્ઠિત એવી ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાના પ્રારંભિક ત્રણ તબક્કા પૈકી પ્રથમ તબક્કાનો પ્રારંભ સુરત ખાતે થઈ ચૂક્યો છે, બીજો તબક્કો આગામી ૧૪ તારીખથી રાજકોટ ખાતે અને ત્રીજો તબક્કો આગામી ૨૨ તારીખથી અમદાવાદ ખાતે આરંભાશે. રાજ્યભરનાં કુલ ૨૪ નાટકો આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે. ગાંધીનગર માટે સમાચાર એ છે કે શહેરનાં ત્રણ નાટકોને આ સ્પર્ધામાં સ્થાન મળ્યું છે ને વધુ સારા સમાચાર એ છે કે આ ત્રણ નાટકોના માધ્યમથી ૪૦થી વધુ યુવા કલાકારો ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

નગરના સિનિયર નાટ્યકાર અખ્તર સૈયદ, કુંતલ નિમાવત અને પ્રવીણદાન ગઢવીનાં નાટકો આ સ્પર્ધામાં પસંદગી પામ્યાં છે.

અખ્તર સૈયદ ગ્રૂપના બૅનર તળે મુંબઈના ખ્યાત નાટ્યલેખક પ્રવીણ સોલંકી લિખિત અને યુવા દિગ્દર્શક આદિલ સૈયદ દિગ્દર્શિત નાટક

'સુતરને તાંતણે બંધાયા આપણે' હેમુ ગઢવી નાટ્ય ગૃહ, રાજકોટ ખાતે તા. ૧૪ ડિસેમ્બરના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ભજવાશે.

થિયેટર્સમાં હાલ ચાલી રહેલી અને હીટ સાબિત થયેલી ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ'ની અભિનેત્રી પ્રાપ્તિ અજવાળિયા, શહેરનાં રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શિક્ષક વર્ષાબેન પારેખ, શ્રુતિ બારોટ, પાર્થ બારોટ, નીતિન પરમાર, નીરવ સૂર્યવંશી, કરણ રાજવીર અને ખુદ અખ્તર સૈયદ આ નાટકમાં અભિનયકર્તા તરીકેની ભૂમિકામાં છે.

રાજકોટ ખાતે જ તા. ૧૪ના રોજ બપોરે ૪.૩૦ કલાકે 'પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સ'ના બૅનર તળે કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'ખોટા સિક્કા' ભજવાશે. આ નાટકની સંપૂર્ણ ટીમ ગાંધીનગરના કલાકારોની બનેલી છે.

ડૉ. અનુજા પુરોહિત અને કરિશ્મા પાટડીયા નામની બે યુવતિઓ આ નાટકના માધ્યમથી ફૂલ લૅન્થ નાટકોમાં પદાર્પણ કરી રહી છે. આ ઉપરાંત, ઈન્ડિયન



ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશન, ગાંધીનગરના વ્યાખ્યાતા મંથન થડેશ્વર, રાજન નિનામા, સુજાન ગઢવી, મૌન સાધુ, ચેતન મકવામા, ઉરેન અલમોલા, હિતાર્થ બારોટ, ભાવેશ ગજ્જર, દિવ્યકાન્ત વર્મા, બ્રિજરાજસિંહ ઝાલા, સુજન ગઢવી, ફાલ્ગુન નંદા, મયુર ભાટીયા અને કુંતલ નિમાવત આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. નેપથ્યની જવાબદારી જિજ્ઞેશ રાવલ સંભાળી રહ્યા છે. રૅકોર્ડીંગ શાંતમ રૅકોર્ડ-ઈન ખાતે કરવામાં આવ્યું છે અને વૃંદા ડ્રેસીસ દ્વારા ડ્રેસીંગ્સનું સૌજન્ય આપવામાં આવ્યું છે.

મેક-અપ દીપલ પરમાર દ્વારા, લાઈટ સંચાલન મયુર ભાટીયા દ્વારા અને સંગીત સંચાલન રોનક સુતરીયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

સ્પર્ધામાં તા. ૧૫ ડિસેમ્બરના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગાંધીનગરનું ત્રીજું નાટક ભજવાઈ રહ્યું છે. 'કુમકુમ કલા ગૃપ'ના બૅનર તળે. ઝવેરેચંદ મેઘાણીની કથાના આધારે ચં. ચી. મહેતા લિખિત અને પાલા ગઢવી દિગ્દર્શિત નાટક 'શેતલને કાંઠે'માં જૈની વસાવડા, નીરવ વૈદ્ય, નીરાલી જોષી, મોના રાવલ, ધવલ ઠક્કર, શ્રુતિ ત્રિવેદી, જુહી પરમાર, હર્ષ ઠક્કર, પાલા ગઢવી, મયુર અમીન, રાજન નિનામા, સુરેન્દ્રસિંહ પરમાર, ધ્વનિ ત્રિવેદી, પ્રફુલ્લાબેન ખંધડિયા, કીર્તિબેન જોષી, અલ્પાબેન ત્રિવેદી અભિનય આપી રહ્યાં છે.

સ્પર્ધામાં હાર-જીત ઔપચારિકતા છે ને એ સ્પર્ધા પછીની બાબત છે. હાલ તો ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી રહેલા આ બધાય કલાકારોને ખોબો ભરીને અભિનંદન અને શુભકામનાઓ.

- કુંતલ નિમાવત